શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૩૭ ● તા. ૨૩ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

# અર્હમ ગ્રુપની બહેનોએ ભલારાદાદા અતિથિગૃહમાં પાંચ દિવસીય રાત્રી રોકાણ કરી હાલાર પંચતીર્થી અને દ્વારકાની અવિસ્મરણીય યાત્રા



ભાષામાં બહુ મોટી તાકાત છે.

કડવું બોલનાર

મધ નહી વેંચી શકે પણ,

મીઠું બોલનાર

મરચાંય વેચી નાખશે.

– અજ્ઞાત




નીશિથ આનંદ દંડ


Sure Safety®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પડકારોમાંથી જ વિકસવાની પગદંડી જડ

મનુષ્ય જીવન સદૈવ પડકારોથી ભરપૂર છે. દરેક નવો સૂરજ નવી પરિસ્થિતિ લઈને આવે છે. નવા કાર્યો આરંભમાં, નવા વિચારો અમલમાં મૂકતા જ નવી સમસ્યાઓ સામે આવે છે. આપણા આદર્શ સંકલ્પને સાકાર કરવા જેવા કદમ ઉપાડીએ કે ટાંપી બેઠેલા હિતદ્વેષીઓ પોતાના મનસુબા પાર પાડવા હથિયાર સજાવીને પાછળ પડી જાય છે. આ સૌમાં આપણા જાણીતા કે અજાણ્યા હોય છે. સાથે ચાલનારા સહયોગીઓ પણ હોય છેને લાંબે, દૂર રહી પોતાનો હિત સાધનાર પણ હોય છે.

ઘણા લોકો આત્મવિશ્વાસ સાથે દરેક પડકાર, દરેક નવી મુસીબતોનો સામનો કરે છે. તો ઘણા બધા ભીરુ સ્વભાવના ધરાવતા જણ પડકારો ના આવવા પહેલા તેના ભયથી ડરી હથિયારો હેઠામુકી પારોઠ થવાનો પ્લાન ઘડે છે કે ફરિયાદો કરે છે.

આમ જોઈએ તો દરેક પડકારો આપણા રોંજિદા જીવનને એક ભાગ છે. જેના થકી આપણે મજબૂત બનીએ છીએ. પડકારો વિના આપણે અર્થહીન હોઈએ છીએ. પડકારો એટલે કે સમસ્યાનો સામનો કરવો સહેલું ભલે નથી પણ એનો નિર્ભયતાથી સામનો કરવો જરૂરી છે. દરેક પરિસ્થિતિમાં કરેલો સામનો તેમાં બતાવેલી કાબેલિયત તેમાં થયેલા અનુભવો આપણને ઘડશે, કેળવશે. જીવનને રસ પ્રચુર બનાવશે.

સમસ્યા સામે લડવાની હિંમત આપણે કેળવી શકતા નથી ત્યારે આપણે તેમાંથી મળનારા પાઠથી વંચિત રહી જઈએ છીએ. આત્મવિશ્વાસથી અડગતાથી લડવાની તાકાતમાં સામનો કરવાની ક્ષમતા સમાયેલી છે. હારજીતનું પરિણામ ભલે આપણા હાથમાં નથી હોતું પણ લડાઈ આરંભ કર્યા વિના હથિયાર હેઠા મૂકી દેવા એ પણ કાયરતા છે. જોશભેર કરેલા પહેલાં પ્રહારથી હરીફ પણ ડગમગી ઉઠે છે, ના હિંમત થઈ ઉઠે છે. આરંભથી આદરેલી શૂરવીરતા અંતને પણ સફળ બનાવે છે.

જીવનમાં બધા પરિસ્થિતિનો એક સરખી હોય તો સારી અને ખરાબ પરિસ્થિતિની સરખામણી કરવા માટે કશુંય બાકી નથી રહેતું. માટે જ પડકારો જીવનમાં આવવા આવશ્યક છે. તેનાથી જ તો માણસ ઘડાય છે. જવાબદાર બને છે. પડકાર સમસ્યા કે સંઘર્ષ વિનાનું જીવન જીવ હીન છે. તેમાં ચેતન, જાગૃતિ અને સજાગતા નથી. પડકારોની પરંપરામાંથી ગુજરવાથી જ મંઝિલ તરફ જતી પગદંડી સર્જાય છે. એટલે પડકારો આપણા જીવનને રસપ્રદ બનાવે છે અને અર્થપૂર્ણ બનાવે છે.

– જય જ્ઞાતિમૈયા

# અર્હમ ગ્રુપની બહેનોએ ભલારાદાદા અતિથિગૃહમાં પાંચ દિવસીય રાત્રી રોકાણ કરી હાલાર પંચતીર્થી અને દ્વારકાની અવિસ્મરણીય યાત્રા






મહાનગરમાં રહેતા લોકો પોતાના કામકાજ, વ્યવહારમાં એટલા વ્યસ્ત હોય છે કે મિત્રોને મળવા તેમની સાથે વેલ્યુબલ ટાઈમ વિતાવવા રીતસર મોકો ગોતતા હોય છે. વિવિધ શહેરોમાં પરિવાર, યુવકો, મહિલાઓના સોશ્યલ ગ્રુપ હોય છે જેમાં દર માસે સાંસ્કૃતિક પ્રોગ્રામ – ફિલ્મ, નાટક, પિકનિકના માધ્યમથી નિયમિત મળે અને આગામી સમય માટેનો જાણે કે જીવવાનો આહાર મેળવે.



આવું જ એક મહિલાઓનું 'અર્હમ ગ્રુપ' સમયાંતરે સાથે થઈને આયોજન કરે અને સંગે મળીને પાર્ટી, પ્રવાસ-યાત્રા જેવા કાર્યક્રમો ઘડે. હાલમાં ગ્રુપની દસ બહેનો જેમાં માલતીબેન જયંત સોની, પ્રભાબેન પદમશી સોની, જયાબેન સોની, હર્ષાબેન રિતેન સોનાવાલા, લતાબેન મણિકાંત મોમાયા, સ્નેહાબેન અશોક મોતા, દમયંતીબેન ચાંપશીભાઈ લોડાયા, ગીતાબેન વિનોદ ડાઘા, નીતાબેન અને કલ્પન ાબેન ધરમશી તા.૫ ફેબ્રુઆરી મંગળવારના પ્લેન દ્વારા જામનગર થઈ લાલપર-ભલારા દાદા સ્થાનકે દર્શન યાત્રા અને ધર્મપ્રવાસ માટે ગયા હતા.

ભલારાદાદા સંકુલમાં સગવડભર્યા આવાસ અને અન્ય સુવિધાથી સર્વે મેમ્બરો અભિભૂત થઈ ગયા. ખુલ્લુ પ્રદુષણમૂક્ત વાતાવરણ, ચોખ્ખા હવા પાણી અને મૈત્રી સ્વભાવના સ્ટાફથી સૌ ખુશ થઈ ગયા. પેડી-થાળ, આરતી-પૂજા સૌ કરી

# અર્હમ ગ્રુપની બહેનોએ ભલારાદાદા અતિથિગૃહમાં પાંચ દિવસીય રાત્રી રોકાણ કરી હાલાર પંચતીર્થી અને દ્વારકાની અવિસ્મરણીય યાત્રા






સૌહૃદયથી પ્રફુલ્લિત થઈ ગયા હતા. આવું ધર્મમય વાતાવરણ પ્રાકૃતિક માહોલ જાણે હિલ સ્ટેશનનો અનુભવ કરાવતો હતો.



તા.૫ થી તા.૧૦ ફેબ્રુઆરી સુધીના દિવસો લાલપુર ઉપરાંત દ્વારકા, બેટ દ્વારકાની મુલાકાત લીધી. ઐતિહાસિક ધાર્મિક યાત્રા સ્થળ વિશાળ ઘૂઘવતો દરિયો જાણે સ્વર્ગની નજીક હોઈ એવી અનુભૂતિ થઈ. હિંદુ ધર્મના આ પવિત્ર મંદિરોમાં દર્શન કરી સૌ આનંદ અનુભવ્યો.

એક દિવસ જામનગર શહેરની પંચતીર્થ કરી દર્શન-પૂજામાં વ્યતિત થઈ ગયા. ઉપરાંત સીટી ટૂર કરી. શોપીંગ માટે બજારમાં ફર્યા. મહિલાઓ ખરીદી વગર રહી કેમ શકે? સૌ પોતાની પસંદગીની વસ્તુઓ ફરી ફરીને ખરીદી કરી તોય સમય ઓછો પડયો. શહેર વચ્ચે આવેલ રણજીત સાગર તળાવ-લખોટા તળાવની મુલાકાત એટલે આખા દિવસનો થાક ઉતરી જાય એવો સ્થાન.



ત્યારબાદ હાલારની પંચતીર્થનો લાભ લીધો જેમાં ભરૂડીયા, રંગપુર, નાની-મોટી ખાવડી, દલતુંગીના જિનાલયમાં દર્શન અને ભક્તિનો લાભ લીધો. સહેલીઓનો સંગાથ હોય અને ધર્મ-ભક્તિયાત્રાના ભાવ સાથે નવું જાણવાની, માણવાની ઉત્કંઠા હોય ત્યારે દિવસો ક્યાં પસાર થઈ જાય એની ખબર ન પડે. છ દિવસોનો પ્રવાસ અને સંગાથનો અંત તા.૧૦ ફેબ્રુઆરી રવિવારે પ્લેનથી મુંબઈ સૌ પરત આવ્યા ત્યારે થયો.

સૌ મેમ્બરોની ભાવના એજ રહી કે ભલારાદાદા તીર્થ-લાલપુરની યાત્રા અવિસ્મરણીય અને અનોખી રહી લાલપુર તીર્થ સ્થાનકની સગવડ-સુવિધા અને ત્યાંના સ્ટાફની મૈત્રીભરી માવજત માટે જે શબ્દો બોલીએ, લખીએ એટલા ઓછા છે. માટે સૌ એ એકવાર તો લાલપુરની મુલાકાત લેવી રહી. જ્યાં ધર્મ અને ભક્તિ, પ્રવાસ, પિકનિક અને પ્રમોદનો પંચભાવ એક સાથે મળી જાય છે.

# આદિનાથ જિનાલય ભાંડુપમાં જન્મોત્સવની ઉજવણી



ભાંડુપ સંઘમાં છેલ્લા ૧૮ રવિવારથી સવારના ૮.૩૦ થી ૯.૩૦ દરમ્યાન ત્રિલોકના નાથ સેવા તીર્થંકર પરમાત્માનો જન્મોત્સવ આદિનાથ જિનાલયમાં ઉજવાય છે. આ રવિવારે તા.૨૪ ફેબ્રુઆરી અણમોલ લાભ મનોજ દામજીભાઈ લોડાયા બાંઢિયાવાળાએ તેમના જન્મદિવસ નિમિત્તે લીધેલ હતો. શાંતિ કલશ કર્તા મનોજભાઈ અને કમલેશભાઈ સાજેડે રહ્યાં હતાં. સંગીતની રમઝટ રાજુભાઈ અને અનંત મિત્ર મંડળના સથવારે જામી હતી તેના તાલમાં ઉપસ્થિત ભાઈ બહેનો ઝૂમી ઉઠ્યાં હતાં.











# વાસુપૂજ્ય જિનાલય મધ્યે શ્રી મહાકાલી માતાજીની ભવ્યાતિ ભવ્ય ભાવના સંપન્ન





તા.૧૭-૨-૨૦૧૯ના રવિવાર રાત્રે વાસુપૂજ્ય જિનાલય મધ્યે સર્વોદય મંડળ મુલુંડ દ્વારા આયોજીત તથા લાભાર્થી પરિવાર માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા-નલીયા-મુલુંડ તથા માતુશ્રી ગુણવંતીબેન ભોજરાજ નાગડા-રાપરગઢ-મુલુંડ દ્વારા ભવ્યાતિભવ્ય ભક્તિ સંગીત ભાવનાનું આયોજન કરવામાં આવેલ.





આ ભાવનામા હંસકુમાર મૈશેરી તથા જયશ્રીબેન શાહ દ્વારા સુંદર સંગીતના તાલે  મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવી હતી. આ ભાવનામાં ૫૦૦થી વધુ ભક્તજનો તથા આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા. કચ્છી દશા ઓશવાળ મુંબઈ મહાજન જ્ઞાતિના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા તેમજ ભૂતપૂર્વ પ્રમુખો ચીમન મોતા, નયન ભેદા તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉત્સાહભેર ભાવનામાં ભાગ લીધો હતો.

આ ભાવનાનો મુખ્ય આકર્ષણ ભાવિકો દ્વારા રાસગરબા દ્વારા માતાજીની વિશેષ ભક્તિ ભાવના હતી. સતત ૫૦ વર્ષથી દર મહિને શ્રી સર્વોદય મંડળ દ્વારા આ ભક્તિ ભાવના ભણાવવામાં આવે છે. મંડળે આ બંને લાભાર્થી પરિવારનો વિશેષ આભાર માન્યો હતો. આવતા મહિનાની ભાવના તા.૧૭ માર્ચ ૨૦૧૯ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે વાસુપૂજ્ય જિનાલયમાં ભણાવવામાં આવશે.

# ગિરનાર મહાતીર્થે સમૂહ ચૈત્યવંદના કરાઈ





જૂનાગઢ નગરે ગિરનાર મહાતીર્થમાં તા.૨૩ ફેબ્રુઆરી શનિવારે સમૂહ ચૈત્યવંદના કરાઈ. જેના અંતર્ગત વિવિધ કાર્યક્રમો ભક્તિપૂર્વક રીતે સંપન્ન થયા. ગુરૂભગવંતોની પાવન નિશ્રા અને સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં સર્વે આયોજન ઉત્સાહપૂર્વક થયા. જેનો આનંદ અને હરખ સૌને હૈયે ચીરકાળપર્યંત રહેશે.







# ૭૯મા સમૂહલગ્નમાં સજાવટ કસબથી સેવા



તા.૨૭.૧.૨૦૧૯ ને રવિવારના સમૂહલગ્ન દિવસે વહેલી સવારે સમૂહલગ્નમાં જોડાયેલ (૬) છ યુવતીઓને શણગાર સજાવટ(બ્રાઇડલ મેઇક અપ) માટે કિંજલબેને સાથી કાર્યકરો ની સાથે સમયસર તૈયાર કરી પોતાની કસબ કળાની સેવા આપેલ. છેલ્લા ૪ (ચાર) વર્ષોથી સળંગ માનદ સેવા આપતાં કિંજલ બ્યુટી પાર્લરના જ્ઞાતિ નિયાણી કિંજલબેન આશર જેઓ માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયાની પૌત્રી તથા અ.સૌ.જયશ્રીબેન-ઉત્તમ હેમરાજ લોડાયા,મોટી ખાવડી-ઘાટકોપરના સુપુત્રી છે.




કિંજલબેન પોતાના વ્યવસાયમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તથા સત્તત રિદ્ધિ,વૃદ્ધિ, અને સિદ્ધિ પ્રાપ્ત કરી ભવિષ્યમાં એમના દ્વારા સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં માનદ સેવા મળતી રહે એવી પ્રભુ પરમેશ્વરને પ્રાર્થના.

મુંબઇ મહાજનશ્રી દ્વારા કિંજલબેનની માનદ સેવા બદલ ભૂરી ભૂરી અનુમોદના.

# અચલગચ્છમાં શ્રી કનકાવલી મહાતપની ભવ્ય આરાધના






અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનું વર્તીની પ.પૂ.સા.શ્રી. ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા.શ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા.શ્રીધર્મ પ્રિયાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા.શ્રી કૈવલ્ય પ્રિયાશ્રીજી મ.સા.શ્રી કનકાવલી મહાતપમાં દેવ ગુરૂપસાયે સુખ શાતા પૂર્વક આગળ વધી રહ્યાં છે. પૂજ્યશ્રી હાલમાં શ્રી ગિરનારજી મહાતીર્થમાં બિરાજમાન છે. પૂજ્યશ્રીનું પારણું મંગળવાર તા. ૭-૫-૨૦૧૯ના રોજે શંખેશ્વર મુકામે છે.

એક વર્ષ, ૩ મહિના અને ૨૨ દિવસના શ્રી કનકાવલી મહાતપની વિગત ૧ ઉપવાસ-બિયાસણું, ૨ ઉપવાસ-બિયાસણું, ૩ ઉપવાસ-બિયાસણુ, ૮ વખત છઠ્ઠ બિયાસણુ, વધતાક્રમે ૧ થી ૧૬ ઉપવાસ -બિયાસણુ, ૩૬ વખત છઠ્ઠ-બિયાસણુ ઉતરતાક્રમે ૧૬ થી ૧ ઉપવાસ-બિયાસણુ, ૮ વખત છઠ્ઠ-બિયાસણુ, ૩ ઉપવાસ-બિયાસણુ, ૨ ઉપવાસ-બિયાસણુ, ૧ ઉપવાસ બિયાસણુ-મળી કુલ ઉપવાસ



# ખામગાંવ સંઘમાં ટીનએજર્સ શિબિર યોજાશે

યુગપ્રધાન આચાર્ય સમ પ.પૂ.પં.પ્ર.શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા.ના શિષ્ય પ.પૂ.મુનિશ્રી જ્ઞાન હંસ વિજયજી મ.સા., પ.પૂ.મુનિશ્રી કલાપૂર્ણ વિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં ૧૦ વર્ષથી ૨૦ વર્ષ વય સુધીના બાળકો માટે રેસિડેન્સિયલ ટીનએજનર્સ શિબિરનું આયોજન તા.૨૦ એપ્રિલ ૨૦૧૯ શનિવારથી તા.૨૪ એપ્રિલ બુધવાર પર્યંત કરેલ છે. આજના ટેકનો સેવી યુગમાં મોબાઈલ ના રવાડે ચડ્યા વિના સંસ્કારી વિનમ્ર અને ધર્મપ્રેમી બને એવો જ્ઞાન ધર્મના સંગ-સહવાસ અને સંબોધનથી પામે એ માટે પરિવાર વડીલો પોતાના સંતાનો માટે લે. પ્રવેશ ફી માત્ર રૂા.૧૦૦ જે રીફંડેબલ છે. શિબિર સ્થાનક દે.ખિ.મંગલ કાર્યાલય સ્ટેટ બેંક પાસે ખામગાંવ. વધુ વિગત સંપર્ક માટે હિરેનભાઈ લોડાયા-૯૮૨૨૭૦૮૯૯૮, સ્વપ્નિલ શાહ-૯૧૭૫૬૬૧૧૭૫ તથા અક્ષય વિકમશી-૯૬૨૩૦૦૧૦૦૨ અને ૭૮૭૫૮૮૯૮૯૯.

# અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી મધ્યે સમસ્ત સંઘો માટે અઠ્ઠમ તપનું આયોજન

રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત ગુણસાગર સૂરિશ્વરજી મ.સા.ની પ્રેરક પ્રેરણાથી શ્રી સુવિધિનાથ દાદાના ચ્યવન કલ્યાણક પ્રસંગે ત્રિહાન્કિા મહોત્સવ અવસરે સમસ્ત સંઘો માટે અઠ્ઠમતપનું આયોજન પ.પૂ. અચલ ગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તિ પ.પૂ. સા.શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પૂ. સાધ્વીજી સાધવીશ્રી પુણ્યોદયશ્રી જી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિઠાણાના સુર્વણ સાંનિધ્યમાં તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૯ સોમવાર સાંજે ૪.૩૦ કલાકે તપસ્વીઓને પારણા, તા.૨૬ ફેબ્રુઆરી મંગળવાર સવારે ૭ કલાકે નવકાર મંત્રના ભાસ્યજાપ, બૃહદ પંચ પરમેષ્ટી આરાધક પરિવાર શ્રી જયંતભાઈ રાહીના શિષ્યો દ્વારા. તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૯ બુધવાર રોજે સવારે ૧૦ કલાકે શ્રી દાદાની સ્નાત્ર પૂજા, શ્રી સંઘ સંચાલિત મંડળો ભણાવશે રાત્રે ૮ કલાકે મહાકાલી માની ભાવના ભાંડુપ મંડળ દ્વારા કરાશે.

તા. ૨૮ ફેબ્રુઆરી ગુરૂવાર રોજે સવારે ૭.૧૫ કલાકે શ્રી સુવિધિનાથ દાદાના અષ્ટોતરી અભિષેક કરાવવા અમરિષભાઈ ઘાટકોપરવાળા પધારશે. તા.૧ માર્ચ શુક્રવારના સવારે ૭.૩૦ કલાકે તપસ્વીઓના પારણા થશે.

૭૨ કલાક એટલે કે ૭૨ કલાક નવકાર મંત્રના અખંડ જાપ રહેશે. ૧ કલાકના માટે જાપ કરવાના રહેશે. તપસ્વીઓના બહુમાન માટે રૂા.૧૦૦ એક આજે એમ રાખવામાં આવેલ છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ભલારદાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી-સમૂહ પહેડી





શ્રી ભલારદાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી-સમૂહ પહેડી તા.૧૦.૨.૨૦૧૯ને રવિવાર મહા સુદ ૬ સાંજે ૪.૦૦ કલાકે કુકરેજા મીની હોલ, આગ્રા રોડ,ભાંડુપ મધ્યે ૧૦ મી સમૂહ પહેડીનું આયોજન બધા ભાવિકોની ઉપસ્થિતિએ દાતાશ્રી માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા,મંજલ રેલડીયા, હ.સુશીલા વીરચંદ લોડાયા તથા ગીતા રમેશ લોડાયા પરિવાર દ્વારા અનંત ગ્રુપ,ભાંડુપના સંગીતના સથવારે ભાવપૂર્વક ભક્તિ કરવામાં આવેલ.

પ્રત્યેક વર્ષે શ્રી મનોજભાઈ દેવશી ધ્રોળ(શાહ)ના માર્ગદર્શનથી સુંદર રીતે સંપન્ન થયેલ.ગણેશજીની સ્થાપનાવિધિ શશીકાંત જોશી દ્વારા કરાવવામાં આવેલ.

વાર્ષિક અહેવાલ શ્રી મણિલાલ દેવશી શાહના પ્રમુખપદે સભામાં ગ્રુપના માનદમંત્રી રમેશ હીરજી લોડાયા દ્વારા અપાયેલ. જેને સર્વે સભ્યોએ સર્વાનુમતે વધાવેલ.૧.૧૨.૨૦૧૯ ને માગસર સુદ ૫ની શિખર ધ્વજાનો આદેશ ચડાવા દ્વારા માતુશ્રી સોનબાઇ કુંવરજી દંડ,સુથરી પરિવારને તથા ઘુમ્મટની ધ્વજાનો આદેશ માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા,મંજલ પરિવારને આપવામાં આવેલ.

ભાવતા ભોજનની વ્યવસ્થા ભલારા કેટરર્સના દીપેશ લોડાયા દ્વારા કરવામાં આવેલ.

# મુંબઈમાં વરસ્યો વારાપીર માટે વ્હાલ

શ્રી વારાપધર ક.દ.ઓ.જૈન મહાજનના ઉપક્રમે તેમજ શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા રવિવાર તા.૧૩-૧-૨૦૧૯ના મુલુંડ મધ્યે ગામ ધણી ઓલીયા વારાપીરની સતત ૧૦મી સમૂહ પહેડીનું આયોજન કરવામાં આવેલ. જેનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ શામજી મોતા હસ્તે અ.સૌ.જ્યોતિબેન મહેન્દ્ર મોતા તેમજ માતુશ્રી ઝવેરબેન લાલજી મોતા અને અ.સૌ. હિરાવંતી ધનપત મોતા (હૈદ્રાબાદ) પરિવારે લીધેલ.

સૌ પ્રથમ દિપ પ્રાગટ્ય ત્યારબાદ નવકાર મહામંત્ર સ્મરણ સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્યાર્થી અભિવાદન તેમજ તપસ્વી બહુમાન કરવામાં આવેલ. સમી સાંજે ભરચક હોલમાં દાતા પરિવારો દ્વારા ઢોલ-શરણાઈના તાલે તેમજ મનોજ કારાણી અને સાથી કલાકારોના સંગતીમય સુરો સાથે વાજતે ગાજતે ગામરક્ષક ઓલીયા વારાપીરને પહેડી જુહારવામાં આવેલ.

મહાજન-મંડળ દ્વારા દાતા પરિવારોનું બહુમાન કરવામાં આવેલ. સર્વ મંડળ અંતર્ગત પોતાનો અમુલ્ય સમય આપી આનંદ સેવા આપવા બદલ સર્વશ્રી કુસુમકાંત કુંવરજી લાલકા, વિનય હિરાચંદ લોડાયા, નિતેશ દિનેશ લોડાયા એવમ ભાવીન દિલીપ લોડાયાનું પણ બહુમાન કરવામાં આવેલ. જેનું સંચાલન ટ્રસ્ટીશ્રી ચેતન મોતા દ્વારા કરવામાં આવેલ. ટ્રસ્ટી શ્રી અરવિંદ લોડાયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા સર્વે કાર્યકર્તાઓએ સારી જહેમત કરેલ. વારાપીરના દર્શન-વંદન કર્યા બાદ પ્રસાદનો લાભ આપી સૌએ ગરબા રાસની રમઝટ માણેલ.

# આદિનાથ દાદાના દરબારે ભાતાનો લાભ લેતા દાતા





છેલ્લા પાંચ વર્ષથી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં દર પૂનમના આદિનાથ દાદાના દરબારે ભાતાનો લાભ અખંડ રીતે આપવાનું ચાલુ છે. આ વખતે પૂનમ ભાતાનો લાભ રતનબેન હીરાલાલ લોડાયા સાંઘવવાલાએ લીધેલ છે. જૈન સંઘ દ્વારા લાભાર્થીની ઘણી ઘણી અનુમોદના.

# કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા પિક્ચરની રજૂઆત

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોમ્બિવલીની ૧૦૨- નોટ આઉટની પહેલી જોરદાર સફળતા પછી બીજી સિનેમા ચાલ જીવી લઈએ ની પ્રસ્તુત થઈ રહી છે. સૌ ચાલો પરિવાર સાથે મુવી જોવા.

તારીખ :૨૮/૦૨/૨૦૧૯ ગુરુવાર, તિલક ટોકીઝ ડોમ્બિવલી - પૂર્વ, ટાઈમ : રાત્રે ૧૦:૧૫ કલાકે. આ ફક્ત કેડીઓ માટે જ છે. ટિકિટના દર : બાલ્કની-૮૦, સ્ટોલ-૫૦, મહિલા મંગલ મંચની બહેનો અને સિનિયર સીટીઝન માટે-૧૦ (ફક્ત ટિકિટ વ્યવસ્થા માટે)

વહેલા તે પહેલાંની ધોરણે રવિવારે સવારે ૧૦ થી ૧૨:૩૦ અને શનિવાર, સોમવાર, મંગળવાર અને બુધવારે રાત્રે ૮:૩૦ થી ૧૦ મંડળના કાર્યાલયે ટિકિટો મેળવી લેવી.

સંપર્ક: ગીરીશભાઈ : ૯૮૧૯૩૮૭૯૩૯, ભાવનાબેન : ૯૧૪૬૯૨૬૩૫૩

# કચ્છમાં કચ્છ એકમ દ્વારા સમૂહલગ્નોત્સવ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ, સમૂહલગ્ન ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિનો આગામી સમૂહલગ્ન તા.૨૬-૫-૧૯ રવિવારના કચ્છમાં યોજાશે. ફોર્મ કચ્છ એકમ કાર્યાલય તથા કચ્છ એકમના સભ્યો પાસેથી મળી શકશે. ફોર્મ ભરી તા.૩૧-૩-૨૦૧૯ સુધી મોકલવાના રહેશે. સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છુક પાર્ટીઓએ કચ્છ એકમ કાર્યાલય ગાંધીધામ મહેશ લાલકા-૯૮૨૫૨૮૭૫૫૫ અથવા લહેરચંદ ખોના-૯૮૨૫૧૩૮૧૦૩નો સંપર્ક કરવા જણાવાયું છે.


જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

અથવા વૉટસએપ પર મોકલો

9769991922

9820302853

9322257731

# ચાલીસગામ સંઘમાં ગુરૂ વંદનાવલી કરાઈ





ચાલીસગામ (મહારાષ્ટ્ર) સંઘમાં પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પ.પુ.સા. શ્રી ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ નિમિતે ગુરુ ભગવંતોની નિશ્રામાં ગુરુસ્મૃતિ સમક્ષ ગુરુ વંદનાવલીનું આયોજન કરાયેલ.

# વાપી સંઘમાં ગિરિરાજના વધામણા કાર્યક્રમ રંગેચંગે ઉજવાયો



જ્યાતિષાચાર્ય ગુરૂદેવ સર્વોદયસાગરજી મ.સા.ના કૃપાવંત આધ્યાત્મયોગી ગુરૂદેવ ઉદય રત્નસાગરજી મ.સા., મુનિ ગુણ વલ્લભ સાગરજી મ.સા. યુવા આદિ ઠાણા નિશ્રામાં તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૯ રવિવાર રોજે વાપી સંઘમાં ગિરિરાજના વધામણા કાર્યક્રમનું રંગારંગ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુંબઈ તેમજ આસપાસના પરિસર નગરોના સંઘમાંથી અનેક ગુરૂભક્તોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી.




# શિવમસ્તુ સમવરણ જૈન તીર્થમાં પાંચમો ધ્વજારોહણ સાથે સંકુલ ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ થયો







શુભાશિષ દાતા તેમજ તીર્થ પ્રેરક પૂ. મુનિશ્રી મહાભદ્રસાગરજી મ.સા.પૂ. મુનિજી પૂર્ણ ભદ્રસાગરજી મ.ના પ્રેરણાબળથી શ્રી સમ્યગજ્ઞાન પ્રસારણ નિધિ ટ્રસ્ટ સંચાલિત માંડવી નલિયા હાઈવે, પોષ્ટ શીરવા તાલુકા માંડવી કચ્છના શિવમસ્તુ સમવરણ જૈન તીર્થમાં તા. ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી શનિવાર તથા સોમવારના સમવરૂરણ જિનાલયની પાંચમી સાલગિરાહ અને અમિત તીર્થ યાત્રા ભવન અને મહાતીર્થ ભક્તિ ભવનો ઉદ્‌ઘાટન સમારોહ રંગેચંગે સંપન્ન થયો.

કચ્છ તેમજ મુંબઈના સાડાચારસો જેટલા ભાવિકોની ઉપસ્થિતિમાં સતરભેદી પૂજા-દાતા પરિવાર બહુમાન મહાપૂર્ણ આદિગૂરૂ વર્યોની ૪૫મા વર્ષ પ્રવેશના દીક્ષાતિથિ ગુરૂગુણ વિરહ ચોવીશી હસ્તલેખિત ગ્રંથ વિમોચન ધ્વજારોહણ ૪૫ આગમ શ્રુતમંદિર રચના અનાવરણ, જ્ઞાન ભક્તિ શોભાયાત્રા પ્રોસેસન, સાધર્મિક ભક્તિ, પ્રવચન ૧૮ અભિષેક સ્ટાફ વિશિષ્ટ બહુમાન તેમજ ચડાવા વિગેરેની અદ્‌ભૂત દાનગંગાને લીધે ધર્મઅને ભક્તિનો ઉમંગ જાણે ઝાલ્યો ન ઝલાય એવો જાજવલ્યમાન માહોલ જામ્યો હતો.

જિનભક્તિ સામગ્રીના સાધાર્મિક ભક્તિના વાર્ષિક લાભના નકરાના રૂા. પચીસ હજારના ૨૪ નામોની ટહેલ પૂર્ણ કરી દાતાઓએ રંગ રાખ્યો હતો.

શ્રી નરેન્દ્રભાઈ નંદુ, શ્રી મેઘ નંદુએ પવિત્ર વિધિ વિધાન, ભક્તિ સંગીત કાર્યક્રમનું સંચાલન તેમજ દાન પ્રેરણાના ધોધમાં જોમ પૂરી તીર્થની શાન સાથે પૂરા પ્રસંગને ચારચાંદ લગાવ્યા હતા.

દુષ્કાળ ગ્રસ્ત કચ્છની ગૌધન ચારા પાણી પામે અને દેશદાઝથી છલકતા સરહદનું રખોપું કરતાં શહીદી વહોરના મા ભારતીના સૈનિક શહીદોની યાદમાં સ્મરણાંજલિ અપાઈ હતી.

## ધ્યાન શિબિરનુ અદ્‌ભુત છે આયોજન ગુરૂવરના સાનિધ્યે કરશું આત્મ દર્શન

ગુરુ ગુણ નંદન, અધ્યાત્મયોગી પ.પૂ ગુરુદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. ના સાનિધ્યમાં ગુરુદેવ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના ૩૫મા જન્મોત્સવના પાવન પ્રસંગે... મહીસાગર નદીના કાંઠે, ૮૦૦ વર્ષ પ્રાચીન શ્રી ચંદ્રપ્રભસ્વામી દાદાની નિર્મળ છાયામાં, વાલવોડ તીર્થ મધ્યે સમસ્ત કચ્છી સમાજને ધ્યાનશિબિરમાં પધારવાનું ભાવભર્યુ આમંત્રણ...

જયાં અદ્‌ભૂત હશે પ્રભુ સાથેનું મિલન, જયાં અલૌકિક હશે ગુરુદેવ સાથેનું બંધન, જયાં આત્મ તત્વનું દર્શન કરવાની મળશે સમજણ, જયાં સ્વમાં થશે પરમાત્માના દર્શન.

બસ પ્રભુવર-ગુરૂવર સાથે જોડાણ કરી આહ્લાદક અનુભૂતિની પાવન સ્પર્શના કરીયે... તા.૨૧-૨૨-૨૩ માર્ચ ૨૦૧૯, તો મોડું ના કરતા આજે જ ફોર્મ ભરીને આપનું રીઝર્વેશન કરી લેજો. નિમંત્રક : શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ટ્રસ્ટ - મુંબઈ.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# રાયચુર નગરે ધ્વજા મહોત્સવ રંગેચંગે ઉજવાયો







તા.૨૩ ફેબ્રુઆરી શનિવારે રોજે દક્ષિણ ભારતમાં રાયચુર શહેર માં જિનાલય નો ધજા મહોત્સવ પ.પુ. જગવલ્લભસાગરજી મ.સા ની નિશ્રામાં યોજાયેલ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓની ગરિમામય ઉપસ્થિત સંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો હર્ષભેર સંપન્ન થયા હતા.




## અધ્યાત્મયોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સાનો વિહાર કાર્યક્રમ

મેવાડ દિવાકર જ્યોતિષાચાર્ય ગુરૂદેવ શ્રી સર્વોદય સાગરજી મહારાજ સાહેબના કૃપાવંત અધ્યાત્મયોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મહારાજ સાહેબ, એવમ યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.નો આગામી દિવસોનો વિહાર કાર્યક્રમમાં તા.૨૩ તથા ૨૪ ફેબ્રુઆરી શનિવાર-રવિવાર રોજ નવસારી, તા.૨૫ ફેબ્રુઆરી સોમવાર મરોલી, તા.૨૬ ફેબ્રુઆરી મંગળવારે સચિન સંઘમાં, તા.૨૭ ફેબ્રુઆરી બુધવારે ઉધના મધ્યે તથા તા.૨૮ ફેબ્રુઆરી ગુરૂવારથી તા.૬ માર્ચ બુધવાર પર્યંત સાત દિવસ સુરત નગરે મોડલ ટાઉન, પર્વત પાટિયામાં સ્થિરતા કરશે. સર્વે ગુરૂ ભક્તો, પરિવાર મિત્રો સંગે ગુરૂદેવશ્રીના દર્શન અને પ્રવચનનો લાભ લે. વધુ માહિતી માટે સંપર્ક : ૮૮૭૯૯૮૯૭૮૭




## ચેમ્બુર જિનાલયમાં વીર જવાનોની શહાદતને શ્રદ્ધાંજલિ અપાઈ

ચેમ્બુર જૈન દેરાસરમાં દેશની રક્ષા કરતા સૈન્ય જવાનોની શહાદત પ્રત્યે માનવંદના કરી શ્રદ્ધાંજલિ અપાઈ. આ પ્રસંગે પ.સાધવી મ.સા. અને શ્રાવક શ્રાવિકાઓએ ભાવપૂર્વક શહીદો ને નમન કરી ભાવાંજલિ અર્પી પુષ્પાંજલિ અર્પિત કરી હતી. દેશના સ્વમાનના પ્રતિકતિરંગા ધ્વજ ને સલામી આપી. ધર્મ અને દેશ ભક્તિએ સૌ નાગરિકોનો પરમ કર્તવ્ય છે એવી ભાવના સૌએ દર્શાવી હતી.




# મુલુંડમાં પ્રથમવાર ફેક્ટરી આઉટલેટ શોરૂમ

## નવા કલેશન પર 10 % ડિસ્કાઉન્ટ



# અશ્વ એથનિક્સ

પ્રસંગ પરિધાનનું મથક

શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ

સગાઇ, લગ્ન પ્રસંગ જેમજ પાર્ટી અને વિવિધ પ્રસંગોને અનુરૂપ
આપને ગમતી ડિઝાઇન, કલર પસંદગી સાથે આપનો નિખારતું

પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઇચ્છા માંગ અને જરૂરિઆત અનુરૂપ પૌરૂષત્વને
નિખારતું પરિધાન એકવારની મુલાકાત-સદાયનો થશે સંગાથ

વિશિષ્ટતા
કસ્ટમાઇઝડ
ડિઝાઇન

## ફેક્ટરી આઉટલેટ

૧૫ સી, શાંતિ ઇન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ)

સમય : સવારે ૧૧.૩૦ થી ૮.૦૦ (ગુરૂવારે બંધ)

વધુ વિગત માટે સંપર્ક

**Call : 8169873626**

ખાસ વિશિષ્ટતા-ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે. રાજનીતિ મોદી સુટ

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Name : Paras Pankaj Renu Gosar**



Father's : Pankaj Damji Gosar
Paternal Grandfather : Late Damji Keshavji Gosar
Maternal Grandfather : Late. Javerchand Kalyanji Maiseri (Jakhau)
Maternal Grandmother : Late. Leelabai Javerchand Maiseri
Birth Details : 21st Jan, 1987 at 12:33 PM in Jalgaon, Maharashtra (India)
Horoscope : Mangal
Native Place : Goersama (Kutch), India
Religion : Jain- KDO
Home Town : Opp. Old Municipal Hospital, Bombay Lane, Amalner, District- Jalgaon, Maharashtra-425401
Residence : 204, Vasupujya Darshan, Opp. Jain Mandir, Above SBI, Zaver Road, Mulund West, Mumbai-400080.
Office Add. : Vidhata Collection,1D, Velani Bhuvan,SL Road, Mulund West, Mumbai-80
Contact : Mother-91 9930321135, Father-9819755622
Contact : Kalpana Hanskumar Maisheri +91 9022639314
Qualification : B.Com (Accounting & Finance) from University of Mumbai
NCFM commodities market module certified
Diploma certified in IATA
Experience : Worked as a tour manager at TMT holidays, Mulund
Worked as a tour manager at Suman Tours & Travels
Worked as commodity market dealer at Pinnacle Brocom
Features
Height : 5.7 ft Weight : 60 Kgs Complexion : Fair
Hair : Curly Eyes : Black Habits : Non-Alcoholic & Non-smoker
Hobbies : Travelling and Music

**Gyatimaiya KDO Mahajan Code No. B-19**

Details :
Name : **Hetal Dhanpati Shah (Lodaya).**



Date of Birth : 29 Jan 1991.

Birth Time : 22.15 pm.

Place of Birth : Pachora, Maharashtra.

Residence : Mulund, Mumbai.

Native : Naliya, Kutch.

Height : 4'11".

Weight : 52 kg.

Qualification : Master in computer application(MCA).

Service : Analyst at Eclerx (Navi Mumbai).

Family Details :
Father : Dhanpati Bhavanji Shah(Lodaya).

Mother : Kalpana Dhanpati Shah(Lodaya).

Sister : Karishma Dhanpati Shah(Lodaya).

Dada paksh : Bhavanji Jivraj Lodaya (Native-Naliya).

Nana paksh : Dhanji Ratanshi Nagda(Native- Parjao).

Contact : 9820943844/ 9821073830.

Landline : 022-25673675

**Gyatimaiya KDO Mahajan Code No. G-20**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# નિઝામાબાદ નગર સંઘમાં વાસુપૂજય દાદા દેરાસરનો ૫૨મો ધ્વજા મહોત્સવ સંપન્ન





નિઝામાબાદ જૈન સંઘમાં શ્રી વાસુપૂજ્ય દાદા જિનાલયમાં ૫૨મો ધ્વજા મહોત્સવ પ.પૂ.સા.સૌમ્યા પ્રજ્ઞા શ્રી જી મ.સા.આદિઠાણા-૩ની નિશ્રામાં ધામ ધૂમથી ઉજવામાં આવ્યો. સકલ સંઘના શ્રાવક શ્રાવિકાઓની મંગલ ઉપસ્થિતમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો થયા. મહોત્સવના લાભાર્થી પરિવાર શ્રીમતી કસ્તુરીબેન તિલકચંદ ડુંગરથી મોમાયા(ભટારા) નલિયા રાયપુર વાળા રહ્યાં હતા.












● વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન મહાજન ભુજ દ્વારા સાઈકલ સ્પર્ધા તથા ટપેશ્વરી ટ્રેકિંગનું આયોજન કરાયું હતું. જેમાં ૨૦૦ થી વધુ સભ્યો જોડાયા હતા. ૧૦ કિ.મી.નો રન વિજેતા અને ઉપવિજેતા માત્ર ૨૫ મિનિટમાં પાર કર્યો હતો.

● અબોલજીવ બચાવ અભિયાન અંતર્ગત અબડાસા તાલુકાના વિવિધ ગામોના રસ્તે રઝળતાં ગૌધનને રાતાતળાવ ખાતે આશરો અપાયો. ૪૧૦૦ જેટલાં આ ગૌવંશને નલિયાથી વાજતે ગાજતે ઢોલ શરણાઈ અને ઘોડેસવારની સાથે સરઘસ આકારે પૂજન અને મીઠું મોંઢુ કરાઈ રેલી કાઢીને રાતા તળાવ લઈ જવાઈ હતી. અબડાસા અબોલજીવ બચાવ અભિયાનમાં ૧૪ જેટલી સંસ્થાઓ જોડાઈ છે. જેમાં કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ-મુંબઈ, નરેડી જૈન મહાજન, પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા ટ્રસ્ટ. અમરસિંગ ભારાજી જાડેજા સેવાટ્રસ્ટ વિંઝાણ, વર્ધમાન પરિવાર મુંબઈ, રઘુશક્તિ સેવા ટ્રસ્ટ મુંબઈ, ભચીબાઈ સુંદરજી ભદ્રા મેમોરિયલ ફાઉન્ડેશન મુંબઈ, અબડાસા ગૌશાળા ટ્રસ્ટ વિંઝાણ, શાહ સુંદરજી મુરજી ટ્રસ્ટ-સણોસરા, વી.આર.ટી. આઈ નલિયા, ડુમરા વિસ્તાર વિકાસ સમિતિ, અંબિકા ચંદ્ર નિકેતન ટ્રસ્ટ ગઢશીશા. ભાવેશ લકી સેવા સ્મૃતિ ટ્રસ્ટ ડુમરા અને ભારત ગ્રુપ નલિયાનો સમાવેશ થાય છે.

● અંજાર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કોલેજ ઓફ પી.જી.ડી.એચ.આર.એમ. દ્વારા રોજગાર લક્ષી ઈન્ટરવ્યુ સ્કિલ ટ્રેઈનીંગ યોજાશે. આ એક દિવસીય ટ્રેઈનિંગમાં વિદ્યાર્થીઓને બાયોડેટા કેવીરીતે બનાવવા તેમજ ઈન્ટરવ્યુ આપવા સમયે કઈ કાળજી અને આવડતની જરૂરિયાત રહે છે. તેમજ આજના કોર્પોરેટ ક્ષેત્રના પસંદગીના માપદંડો જેવા કે ગ્રુપ ડિસ્કશન અંગે માહિતી સાથે યુવાપેઢીને રોજગાર લક્ષી બનાવવા માટે આ આયોજન કરાશે.

● ગુજરાત વિધાન સભાની આઠ સભ્યોની અંદાજ સમિતિ કચ્છના પ્રવાસન સ્થળો તેમજ યાત્રાધામોના વિકાસના અભ્યાસ હેતુ ત્રણદિવસનો પ્રવાસ કરી કાળોડુંગર, ધોરડો, મઢ, નારાયણ સરોવરની મુલાકાત લઈ ૧૫.૪૩ કરોડના ખર્ચે કચ્છના યાત્રાધામોના કાર્ય થશે એવી માહિતી આપી હતી.

● અંજાર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકોને ટ્રાફિક નિયમન અંગે માહિતી મળી રહે એ માટે આરટીઓ કચેરી ગાંધીધામ દ્વારા સંસ્થા સંકુલમાં કાર્યક્રમ યોજાયો હતો.

● ગુજરાત સરકારના રાજ્ય હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમ ગાંધીનગર અંતર્ગત માંડવી તાલુકાના જૂના જામથડામાં હાથવણાટના તાલીમ વર્ગનું ઉદ્‌ઘાટન કરાયું. આ વર્ગમાં ૨૦ લાભાર્થીઓ તાલીમ મેળવી રોજગાર કુશળતા પ્રાપ્ત કરશે. વણાટકામની કલાકૃતિ કારીગરી લુપ્ત થતી અટકાવવા તેમજ નવા સારા કારીગરો તૈયાર કરવા આ તાલીમનું આયોજન કરાયું હતું. લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા કાચોમાલ પૂરો પડાશે. આ તાલીમ વર્ગ ભુજનું લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ સંભાળે છે. એ ગરવી ગુજરાત(ભુજ હાટ) દ્વારા કરાયું હતું.

● દેશની તમામ ભાષામાં ગીતોને પોતાના કંઠથી સમૃધ્ધ કરનારા બોલીવુડના ઉચ્ચગાયિકા આશાભોંસલેએ કચ્છી સંત ઓધવરામજીના એક ભજનને કંઠ આપી રેકોર્ડ કર્યુ છે. લંડન દુબઈની ટૂર પતાવી સીધી રેકોર્ડિંગ સ્ટુડિયોમાં તબિયત નાદુરસ્ત હોવા છતાં આવનારા આશા ભોંસલે પહેલીવાર કચ્છી ભાષામાં ગીત ગાયું છે.

# જીવન ઘટમાળ

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૨૦૧૯ | દિવા | દેવાંગ ગુલાબચંદ અરજણ મોતા | વાંકુ | ૩૭ |
| | મુલુંડ | વેનીકા ખુશાલ ચંદુલાલ ખોના | જખૌ | ૩૨ |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૨૦૧૯ | દહીંસર | હિરલ લક્ષ્મીચંદ મુરજી કેનિયા | કપાયા | ૩૨ |
| | ડોંબિવલી | ઉર્વશી નીતિન કાંતિલાલ શાહ (નાગડા) | જખૌ | ૩૨ |
| ૧૦-૦૨-૨૦૧૯ | ખીર્કિયા | ડૉ. કુશલ ગિરીશ મણીલાલ નાગડા | લાલા | ૩૨ |
| | સિંહોર | સ્વીટી નરેશકુમારજી ઈન્દ્રમલજી સુરાણા | ભાખરી | ૩૧ |
| ૧૦-૦૨-૨૦૧૯ | ડોંબિવલી | વિગ્નેશ બાબુ હેગડેકર | કારવાર | ૩૦ |
| | ડોંબિવલી | ડીમ્પલ નવીન કુંવરજી ખોના | સુથરી | ૨૯ |
| ૧૨-૦૨-૨૦૧૯ | ચર્ચગેટ | દર્શ બંદિશ શશીકાંત મહેતા | દ્વારકા | ૨૮ |
| | વડાલા | અનિસા ધીરેન લક્ષ્મીચંદ મોતા | લાખણીયા | ૨૮ |
| ૧૭-૦૨-૨૦૧૯ | મુલુંડ | વિગ્નેશ રવિ શંકરન અય્યર | મુલુંડ | ૨૬ |
| | મુલુંડ | ચાંદની નિરંજન ગાંગજી નાગડા | રંગપુર | ૨૫ |
| ૧૯-૦૨-૨૦૧૯ | જામનગર | નિખિલ જયેશ ભગવાનદાસ અદલાજ | જામનગર | ૩૦ |
| | જામનગર | અંજલી વિમલ ચંદુલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૪ |

**● આંતરજ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૨-૨૦૧૯ | હુબલી | યશ અનિશ વાલજી મોમાયા | સાંયરા | ૨૩ |
| | હુબલી | દિવ્યા હુલાગેશ્વર ધરમજી | બેલાવાડી | ૨૩ |

**● જ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૨૦૧૯ | ડોંબિવલી | દીપ નીલેશ વીરચંદ મોતા | કોઠારા | ૨૭ |
| | મુલુંડ | ચાંદની જીતેન્દ્ર હીરાચંદ ખોના | વાંકુ | ૨૫ |
| ૦૩-૦૨-૨૦૧૯ | નીમચ | ભાવીલ દિપક નવીનચંદ્ર મોતા | સુથરી | ૨૪ |
| | મુલુંડ | જીનલ પ્રફુલ આણંદજી મોતા | કોઠારા | ૨૩ |
| ૦૮-૦૨-૨૦૧૯ | દાદર | નિકેશ રજનીકાંત ઉમરશી ધરમશી | રંગપુર | ૨૬ |
| | ડોંબિવલી | ક્રીના દિલીપ પદમશી લોડાયા | મોટી ખાવડી | ૨૫ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૨-૨૦૧૯ | ઘાટકોપર (પ.) | જયંતીલાલ ખીમજી મોમાયા | જખૌ | ૭૯ |
| ૧૭-૦૨-૨૦૧૯ | ભાવનગર | કુસુમ રમેશચંદ્ર ધરમશી | ભરૂડીયા | ૬૪ |
| ૧૮-૦૨-૨૦૧૯ | વલસાડ | કુમુદ સંજય દંડ | સાંધવ | ૩૬ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# GIVE A GIFT OF LIFE

# DONATION NEEDED!

YOUR SMALL HELP CAN SAVE HIS LIFE.



Lalit Kalyanji Shah, age 36, Suthri (Kutchh), Pedhawala hasn't seen his children in 3 months now because he is undergoing treatmentin concessional wing of Jupiter Hospital, Thane for Blood disorder and Serious Liver issue (Budd Chairi Syndrome with Myelofibrosis). His daughter in 10th is giving exams without her parents beside her. His four children do not know the nature of his disease, and cannot even visit him because they have no money for tickets. Widow Sister is trying her best to save her brother. Lalitbhai will require more than 20 lacs for the treatment of Blood & Liver Transplant.

In case of Query Contact
Samast Mahajan Medical
Committee members

Mr. Ramesh Mota: 98196 55259
Mr. Bharat Meisheri: 98200 58048
Email: mahajansamast@gmail.com

For Donation, You can pay by Cheque / Online Transfer:

| | |
|---|---|
| Beneficiary Name | : JUPITER LIFE LINE HOSPITALS LIMITED |
| Bank Name | : AXIS BANK LTD |
| IFSC Code | : UTIB0000061 |
| Reference | : Patient Mr. Lalit Shah ( MRNO: 452193) |

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**karani**

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL



KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO